ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૨/૮/૨૦૧૫

વંચાણે લીધો: સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ નો તા.૨૭/૪/૨૦૧૦ નો ઠરાવ.

:ઠરાવ:

ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો પછી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો ઝડપથી સમયમર્યાદામાં શાળા મારફત જ મળી રહે તે માટે સરકારશ્રીના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નવી પદ્ધતિ સુનિશ્ચિત કરી, સરળીકરણ કરવામાં આવેલ છે. જે અનુસાર પ્રત્યેક શાળાના આચાર્યોએ તા.૩૧ જાન્યુઆરી સુધીમાં પ્રમાણપત્રો અંગેની દરખાસ્ત તૈયાર કરી શાળા વિકાસ સંકુલના વડાને પહોંચાડવાની રહે છે. શાળા સંકુલના વડાએ ફેબ્રુઆરી ૧૫ સુધીમાં દરખાસ્તો એકત્રિત કરી સબંધિત સક્ષમ સત્તાધિકારીને પહોંચાડવાની રહે છે. પ્રમાણપત્ર આપતા સક્ષમ સત્તાધિકારીએ એપ્રિલ માસના અંત સુધીમાં પ્રમાણપત્રો તૈયાર કરી શાળા વિકાસ સંકુલના વડા મારફત આચાર્યો સુધી પહોંચાડવાના રહે છે અને આચાર્યોએ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો સાથે જ વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો આપી દેવાના રહે છે. પરિણામે વિદ્યાર્થીઓ અને વાલીઓને જાતિ પ્રમાણપત્રો તથા નોન ક્રિમિલેયર પ્રમાણપત્રો મેળવવામાં પડતી મુશ્કેલીઓનું નિવારણ થઇ શકે.

ઉપર્યુક્ત પદ્ધતિથી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ છે. પરંતુ હજી કેટલીક મુશ્કેલીઓના નિવારણ માટે વધુ સરળીકરણ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે તા.૨૭/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ ની સુચનાઓમાં આંશિક ફેરફાર કરી નીચે મુજબ વધારાની બાબતો અંગે કાર્યવાહી કરવાનું જણાવવામાં આવે છે.

૧. તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવમાં જાતિ પ્રમાણપત્ર આપવા માટે શાળાના આચાર્યોએ જાન્યુઆરી મહિનામાં આ કાર્યવાહી શરૂ કરી શાળા વિકાસ સંકુલ મારફતે પ્રમાણપત્રો આપનાર સક્ષમ અધિકારીશ્રીઓને આવી દરખાસ્તો પહોંચતી કરવા જણાવેલ છે અને આ સમગ્ર કાર્યવાહી એપ્રિલના અંત સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવેલ છે.

અનુભવે જણાયું છે કે શાળાઓના પક્ષે જરૂરી પ્રયત્નો કરવા છતાં પરીક્ષાના પરિણામો સુધી જાતિ પ્રમાણપત્રો તૈયાર કરવામાં પુરતો સમય મળતો ન હોવાથી આ કાર્યવાહી શાળાઓએ ડીસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. એટલે કે શાળાઓએ આ અંગે આગોતરૂ આયોજન કરી દરખાસ્તો તૈયાર કરી વિસ્તારવાર જે તે સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે અને જાતિ પ્રમાણપત્રો આપનાર સક્ષમ અધિકારીશ્રીઓએ ડીસેમ્બરના અંત સુધીમાં શાળાની દરખાસ્તો પર નિર્ણય લઇ જે તે શાળાના આચાર્યોને જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી મોકલી દેવાના રહેશે.

૨. શાળાના આચાર્યોને આવા જાતિ પ્રમાણપત્રો મળ્યેથી વિદ્યાર્થી/પિતા/વાલીને તાત્કાલિક તેનું વિતરણ કરી દેવાનું રહેશે. આ અંગે વિદ્યાર્થીના પરિણામની રાહ જોવાની રહેશે નહીં.

૩. તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવમાં જરૂરી તમામ સુચનાઓ સ્વયં સ્પષ્ટ હોવા છતાં અનુભવે જણાયું છે કે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, વહીવટી સ્ટાફ આ અંગેના ઠરાવો, પ્રક્રિયાના જ્ઞાનના અભાવે પુરતી સંવેદનશીલતા અને નિષ્ઠા હોવા છતા અપેક્ષિત પરિણામ આવતું ન હોવાથી દરેક જિલ્લા નાયબ નિયામક (વિ.જા) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)એ સબંધિત કલેકટરશ્રી અને જીલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કાર્ય શીબીરોનું આયોજન કરી જે-તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મદદ લઇને શાળાના આચાર્યો અને વહીવટી સ્ટાફને જરૂરી માર્ગદર્શન, તાલીમ આપવાની રહેશે.

૪. તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવમાં જિલ્લા કક્ષાએ જાતિ પ્રમાણપત્રો/નોન ક્રિમિલેયરના પ્રમાણપત્રો બાબતે પડતી મુશ્કેલીઓના નિવારણ અંગે કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને સમિતિની રચના કરવામાં આવી છે. ઉપરોક્ત ત્રણ બાબતોનો યોગ્ય અમલ થાય અને વિદ્યાર્થીઓને ડીસેમ્બરના અંત સુધીમાં જાતિ પ્રમાણપત્રો મળી જાય તેવી વ્યવસ્થા આ સમિતિએ સુનિશ્ચિત કરવાની રહેશે અને જિલ્લા કક્ષાએ જાતિ પ્રમાણપત્રો બાબતે થતી ફરિયાદોનું નિરાકરણ લાવવાનું રહેશે. વંચાણે લીધેલ તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવની અન્ય સુચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ.

- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે મદદનીશ કલેકટરશ્રીઓ/નાયબ કલેક્ટરશ્રીઓ
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ (વિ.જા)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા)
- સર્વે મામલતદારશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સિલેક્ટ ફાઇલ